દાદા ભગવાન ફાઉન્ડેશન • અડાલજ

સેવાર્થી મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ – અડાલજ

# પુના ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ - ૨૦૨૫

(માત્ર ભારતમાં રહેતા સેવાર્થીઓ / મહાત્માઓ માટે)

## સેવાર્થી માટે સૂચનાઓ

1. **માપદંડ** - સેવા આપવા ઈચ્છતા મહાત્માઓને જ્ઞાન લીધાને ઓછામાં ઓછું ૧ વર્ષ થયું હોવું જોઈએ, શારીરિક રીતે સ્વસ્થ હોવા જોઈએ. તથા સેવાર્થી પાસેથી રોજની ૮ કલાકની સેવાની અપેક્ષા રહેશે.
2. **સેવાર્થી ફોર્મ** - સેવા આપવા ઈચ્છતા દરેક મહાત્માઓએ → જુના + નવા સેવાર્થીઓ તથા ડીપાર્ટમેન્ટના કોર્ડીનેટરોએ પણ ફોર્મ ભરવાનું રહેશે.
3. મહોત્સવ દરમ્યાન **પરમેનેન્ટ મહાત્મા આઈકાર્ડ ધરાવતા દરેક પાત્ર મહાત્માઓને સેવામાં પ્રાધાન્ય આપવામાં આવશે.**
4. **સેવા અપ્લાય કરવા માટે** - ઓનલાઈન ફોર્મ seva.dadabhagwan.org પર તારીખ **૨૧ ઓગસ્ટથી** ભરી શકાશે.
5. ઓનલાઈન ફોર્મ ઈંગ્લીશમાં ભરવાનું છે. ઈંગ્લીશની ફાવટ ન હોય અથવા ઓનલાઈન ફોર્મ ભરવાની કોઈ જ સગવડ ન હોય તેઓએ અન્ય મહાત્માની મદદ અથવા પોતાના સેન્ટર કોર્ડીનેટરની મદદ લઈ ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.
6. ઓનલાઈન ફોર્મ ભરવા માટે આપે આપનો મહાત્મા આઈ-કાર્ડ નંબર (ન હોય તો Z નંબર), પર્સનલ મોબાઈલ નંબર, વોટ્સએપ નંબર **(જે મહાત્મા આઈ-કાર્ડ અથવા Z નંબરના કાર્ડ સાથે લીંક કર્યો છે (રજીસ્ટર કરેલ છે) તે જ)** વાપરવાનો રહેશે **અન્યથા આપ ફોર્મ ભરી શકશો નહીં.** તથા આપનો ઈમેલ આઈડી (ન હોય તો કુટુંબીનું ઈમેલ આઈડી) તૈયાર રાખશો. **ઈમેલ નહીં હોય તો પણ ઓનલાઈન ફોર્મ ભરી શકાશે. મહાત્માને તેમણે ભરેલા ફોર્મની કોપી ઈમેલ કરવામાં આવશે.**
7. જો આપનો મોબાઈલ નંબર, ઈમેલ અથવા સબ-સેન્ટર બદલાયા હોય તો આપે એ-કનેક્ટ થકી અથવા આપના સેન્ટર કોર્ડીનેટર થકી વિગત અપડેટ કરાવવી પડશે અને ત્યારબાદ ફોર્મ ભરવાનું રહેશે.
8. સેવાર્થીઓએ સેવા શરુ થવાની તારીખના સવારે ૯ કલાકે ઈવેન્ટ ગ્રાઉન્ડ પર આવી જવાનું રહેશે.
9. ઓપ્શન-૨ના સેવાર્થીઓએ આશરે રાત્રે ૧૧ સુધી સેવામાં હાજરી અપેક્ષિત રહેશે માટે પ્રવાસનું આયોજન એ મુજબ કરવાનું રહેશે. તેમજ ઓપ્શન-૧ અને ઓપ્શન-૩ માં સેવા આપવા ઈચ્છુક મહાત્માઓએ તા.૧૭ ફેબ્રુઆરીના બપોરે પરત જવાની વ્યવસ્થા કરવી. સેવાર્થીઓના વહેલા ચાલ્યા જવાથી મહોત્સવના છેલ્લા દિવસોમાં અગવડ થતી હોય છે. આપણે સહુ આ બાબતે જાગૃતિ રાખીશું.
10. સેવા એલોટમેન્ટ લેટર આશરે **11 ઓક્ટોબર** સુધી જાહેર કરાશે જે મહાત્માઓએ seva.dadabhagwan.org પર જઈ ડાઉનલોડ કરવાનો રહેશે અથવા પોતાના સેન્ટર કોર્ડીનેટરની મદદ લઈ લેટર મેળવી લેવાનો રહેશે.
11. જે મહાત્માઓએ સેવા એપ્લીકેશન ફોર્મમાં ત્રણેય કેટેગરી (મહોત્સવ પહેલા, દરમિયાન અને પછીની સેવા) સાથે ફોર્મ ભર્યું છે અને જેમણે સેવા ફાળવવામાં આવી છે તેઓને સેવા એલોટમેન્ટ લેટરમાં ત્રણેય કેટેગરીની સેવાની વિગતો દેખાશે.
12. **ફક્ત ભાઈઓ માટે** - સેવા એલોટમેન્ટ લેટરમાં લખાવેલ દિવસ કરતા વધુ દિવસ આપને સેવા આપવાની અનુકુળતા હોય તો ભાઈઓ SMD ઓફિસમાં સંપર્ક કરશો.
13. **ઈવેન્ટ રજિસ્ટ્રેશન** - વ્યવસ્થાના ભાગ રૂપે, ઓનલાઈન સેવા એપ્લીકેશન ફોર્મ ભરવાની સાથે આપે એકનેક્ટ એપના ઈવેન્ટ મોડ્યુલમાં, ભોજન અને ઉતારાની વિગતો જણાવી આપનું ઈવેન્ટ રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. **ઓપ્શન-૧ અને ઓપ્શન-૩ ના સેવાર્થીઓ માટે સેવાના દિવસો પ્રમાણે ભોજન અને ઉતારાની વ્યવસ્થા રહેશે. (એકનેક્ટ રજીસ્ટ્રેશન ફક્ત ઈવેન્ટના દિવસો પ્રમાણે જ દેખાશે).**
14. **સરકારી ફોટો ID પ્રૂફ** - ICard ધરાવતા મહાત્માઓએ જેમણે અગાઉ પોતાનું સરકારી ફોટો ID પ્રૂફ સબમિટ કર્યું નથી તેમણે ઈવેન્ટ રજિસ્ટ્રેશન વખતે એ સબમિટ કરાવવું પડશે, જેની નોંધ લેવા વિનંતી છે. **Z નંબર ધરવતા મહાત્માઓએ પણ ઈવેન્ટ રજીસ્ટ્રેશન માટે પોતાનું સરકારી ફોટો ID પ્રૂફ સબમિટ કરાવવું ફરજિયાત છે.**

**ઓનલાઈન ફોર્મ ભરવાની છેલ્લી તારીખ → ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૪**

**નોંધ :** ખાસ નોંધ લેશો કે ફોર્મ થકી આપ માત્ર સેવા માટે પોતાની અનુકુળ તારીખો જ આપી રહ્યાં છો. **પ્રસંગની જરૂરીયાત મુજબ આપને સેવા ઓછા દિવસ માટેની પણ મળી શકે અથવા ન પણ મળે.** માટે સેવાર્થીઓએ 'સેવા એલોટમેન્ટ લેટર' માં ફાળવાયેલી સેવાની તારીખો દરમ્યાન જ સેવા આપવાની રહેશે. **સેવાર્થીઓને મળતી સુવિધાઓ સેવા એલોટમેન્ટ લેટરમાં જણાવેલ સેવાના દિવસોમાં જ આપવામાં આવશે.**


**સેવાર્થી મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ,અડાલજ**

ભાઈઓ : 8347009270, (079) 35002147 - બહેનો : 8347009269, (079)35002163

સમય : સવારે : 10:00 થી 1:00 અને સાંજે : 3:30 થી 7:00